ॐ

तत् सत् परमात्मने नमः

बालबोधमाला.

રચનાર

નાતમરામ ઉત્તમરામ ત્રિવેદી

આશ્વિન સુદ ૧૧ સંવત ૧૯૪૮. સને ૧૮૯૨.

સુરત "વિક્ટોરિયા" પ્રેસમાં
મંછારામ ઘેલાભાઇએ છાપ્યું.

કિંમત ૦-૦-૬

ॐ

तत् सत् परमात्मने नमः

बालबोधमाला.

રચનાર

નાનમરામ ઉત્તમરામ ત્રિવેદી

આશ્વિન સુદ ૧૧ સંવત ૧૯૪૮. સને ૧૮૯૨.


સુરત "વિકટોરિયા" પ્રેસમાં

મંછારામ ઘેલાભાઈએ છાપ્યું.

કિંમત ૦-૧-૬

પ્રસ્તાવના.

હાલ બાળીક અને બાળકીઓને નિતિના બોધ સારૂ પ્રથક શિક્ષા માળા જેવું નથી અને તેની હાલના સમયમાં ઘણી અગત્ય છે એમ જાણી એક મુંબઈના ઊદાર સદ્‌ગૃહસ્થ જેણે પોતાના ખર્ચથી એક કન્યાશાળા સ્થાપન કરી તેમાં નિતિ બોધ-આપવા સારૂ કેટલાક બોધપાઠ તૈયાર કરવાને સૂચના કરવા ઊપરથી, તે સમયને સારૂ માત્ર નવ પાઠનું બાળબોધ માળાનું લઘુ પુસ્તક તૈયાર કરવું. તેઉપલા ઉદાર ગૃહસ્થે પોતાના ખર્ચથી પોતાની તથા બીજી મુખ્યત્વે કરી કન્યાશાળા સારૂ પ્રસિદ્ધ કર્યું તેની પ્રથમ આવૃત્તી ખપી જવાથી આ બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરી છે. એમાં બીજા આઠ પાઠનો વધારો કરી એકંદર ૧૭ પાઠ કરા છે. એ શુભ પરોપકારના કાર્યને કેવળ શુભ ઇચ્છકો પોતાની બનતી સહાયતા કરશે હેવી આશા છે.



શિક્ષકોને સૂચના.

આ બાળબોધમાળા પ્રતિ દિવસે પ્રથમ આ પુસ્તકનો એક એક પાઠ પોતપોતાના વર્ગમાં સઘળા બાળકોની એકવૃત્તિ કરી પછી પોતે જાતે શુદ્ધ મનથી તથા એક ચિત્તથી વાંચી સંભળાવવો અને તેમાંના અર્થ તથા ભાવાર્થ સ્પષ્ટ રીતે સમજાવવા. પછી બીજે દિવસે તે પાઠ બાળકો પાસેથી મોઢેથી લેવો, અને તેની મતલબ બાળકોના મનમાં ઠસી છે કે નહીં તે જોવું. વળી બાળકો પોતપોતાના ઘરમાં એ પાઠોના બોધ પ્રમાણે વર્તે છે કે નહીં તેનો નિશ્ચય પોતે જાતે તેમને ઘેર જઇ તેમના માબાપોથી કરી લેવો, અને પ્રત્યેક અઠવાડિયે બાળકોની શુભ ચાલની ચીઠી મંગાવવી. ટુંકમાં એટલુંજ કહેવાનું છે કે જેમ બને તેમ મેહેતાજી અને શિક્ષકોએ નિતિની છાપ બાળકોના અંતઃકરણમાં પાડવાને અતિ આગ્રહથી મેહેનત લેવી. અને તેમ કરવાથીજ હાલ બાળક અને બાળકીઓને જે સ્વચ્છંદ રીતે ચાલવાની ટેવ પડી છે તે જઈ તેઓ આગળ સંસારમાં સુખી રહી પોતાના બાળકોને પણ તેવી શુભ નિતિનાબોધ આપશે, તો તેથી હવે પછીની થનારી પ્રજા નિતિવાળી થશે, અને એથીજ આ દેશની પૂર્વવત્ ઉત્તમ સ્થિતિ થવાનો સંભવ છે.

નો૦ ઉ૦ ત્રિવેદી

સુરત, આશ્વિન શુદ ૧૧ સંવત ૧૯૪૮

ॐ

॥ सद्गुरुः प्रसन्नोऽस्तु ॥

॥ बालबोधमाला ॥

शार्दूलविक्रीडितम्.

જાચું છું તુજને પ્રભુ વિનયથી, હેતુ અહો માહરો,
થાતી આ કલિકાલ–દુષ્ટ–વાંચ્છા, તે ચિત્તથી પરહરો;
કે થૈએ તત્પર અમો વરતવા, એકાગ્ર ચિત્તે થયી,
લૈને દીલવિશે સનાતન–સદા–ધર્મે પ્રવૃત્તિ કરી.

બોધપાઠ ૧ લો.

અરે! બાળકો તમે એકજ માતપિતાના ભાંડુઓ છો તેથી એકજરૂપ છો, જૂદા નથી. તેથી ભાઈ અને બેનની સાથે હળીમળીને સંપથી ચાલો, તેમની સાથે ખાવાપીવા પેહેરવા ઓઢવાસારૂ કદી ટંટા કરતા નહીં. વળી તેનાં સુખ અને દુઃખએ બેઊમાં સમાન ભાગ લેજો એટલે તેમને સુખ થયાથી તમે સુખી સમજો અને તેમને દુઃખ થયાથી તમે દુઃખી સમજજો. તેમની સાથે મીઠાં વચનથી બોલવાની સદા ટેવ રાખજો. કદાપી તે ભૂલથી તમને કડવું વચન કહે તોપણ તેની ભૂલ જાણી તેને શાંત વચનથી સુધારવાને પ્રયત્ન કરવો. માબાપની

નિત્ય સેવા કરી તેમના કહ્યાપ્રમાણે ચાલજો. સદા સાચુ બોલવાની ટેવ રાખજો. જુઠું બોલનારા અને ટંટા કરનારા છોકરાંની સોબત કરવાની ટેવ રાખતા નહીં. મીઠું અને ગળ્યું રોજ ખાધાથી શરીર સારૂં રેહેતું નથી તેથી તેવી ટેવ પાડતા નહીં. મૂલ્યવાન લૂગડાં ઘરેણાં પેહેરી આનંદ પામતાં નહીં, પણ સત્ય વિધા અને નિતીવાન્ થવાની ઇચ્છા સદા રાખજો.

બોધપાઠ ૨ જો.

નિત્ય રાત્રે વેહેલા સૂઇ સવારના સૂર્ય ઊદય પહેલાં ઊઠવાની ટેવ રાખજો. પથારીમાં આળોટવાની ટેવ રાખતા નહીં. ઊઠી ઝાહાડે જઇ તાજા જંજેટા (અપામાર્ગ) અથવા તાજા લીંબડાના દાતણથી દાંત ઘસી ઊલ ઉતારી મોહોઢું ધોઈ સ્વચ્છ રાખજો. ઝાહાડે જઈ આવ્યા પછી માટી લઈ હાથ પગ ધોવાની ટેવ રાખજો.

બોધપાઠ ૩ જો.

ત્યારપછી સદે તો ઠંડા પાણીથી અથવા સાધારણ ઊના પાણીથી પોતાનું શરિર ચોળી મેલ કાઢી નાહવાની ટેવ રાખવી. નાહતી વખત એવો વિચાર કરવો કે જેવી રીતે માહરો બાહારનો મેલ કાહાડી નિર્મળ થાઊંછું તેવી રીતે મારૂં મન નિર્મળ કરવાનું છે. એટલે મારે સઘળાને મારા પોતાના આત્માપ્રમાણે સમજી તેમની સાથે હળીમળીને ચાલવાનું છે. અને સઘળા પ્રાણીમાત્રનું ભલું થવાના વિચાર કરવાના છે.

બોધપાઠ ૪ થો.

એવી રીતે નિત્ય નિર્મળતા રાખી પોતાના ઘરમાં દેવસેવાનું એકાંત ઠેકાણું હોય ત્યાં જઇ, સઘળા મનુષ્યપ્રાણીનું ભલું થવાના વિચાર કરી એકચિત્તથી પોતપોતાના સંપ્રદાયની રિતીપ્રમાણે સંધ્યાવંદન અથવા માળા પૂજા ઇત્યાદી કરવાનો અભ્યાસ આસરે અડધા કલાકસૂધી રાખવો. તે સમયે મનના વિચાર બીજી કોઇ વસ્તુમાં નહીં જવા દેવાને સાવધ રહેવું.

બોધપાઠ ૫ મો.

એવી રીતે કર્યાપછી પોતાના વિદ્યાગુરૂએ જે પાઠ તૈયાર કરવા આપ્યો હોય તે એકચિત્તથી વાંચી લખીને તૈયાર કરવાની ટેવ રાખશો તો વિદ્યા વેહેલી આવડશે. ભણતાં ભણતાં વાત કરવાની ટેવ રાખવી નહીં. એવી રીતે પાઠ તૈયાર કરી, પોતાના ઘરનું રોજનું જે કામ પોતા થકી થઇ શકે, તે ચિત્ત રાખીને કરવાની ટેવ રાખવી. માબાપની આજ્ઞામાં નિરંતર રહી તેમને સદા રાજી રાખવાનો પ્રયત્ન કરવો અને બાળકીઓએ ભોજન ઇત્યાદિની સામગ્રી તૈયાર કરવાની ટેવ પાડવી.

બોધપાઠ ૬ ઠો.

ભોજન કરવાનો સમય થયો એટલે નિર્ગુણ ભોજન એટલે ઘણું ખારૂં ખાટું અને તીખું ખાવું નહીં. લસણ કાંદા

ઇત્યાદિ અભક્ષ્યવસ્તુ કોઈ દિવસ ખાવી નહીં. ચોખા,દાળ, રોટલા રોટલી ઇત્યાદિ સાદું ખાધાથી મન અને શરીરથી સુખી રહેવાય છે. નિરંતર મીઠાઇ મેવા ખાધાથી તન અને મન બંને બગડે છે. જમતી વખત મન આનંદમાં રાખી એવો વિચાર કરવો કે આ ભોજનથી મારૂં બાહારનું શરીર બલવાન થાઓ. મારા અંતરના જીણાં શરીરને પણ બલ આવી તેનું પોષણ થાઓ. મારી ઇશ્વરમાં સદ્ભક્તિ રહી મારા કલ્યાણ થવાને માર્ગે મારૂં મન જવાને યોગ્ય થાઓ. ભોજન ભૂખ કરતાં કાંઇક ઓછું કરવું પણ અક્રાંત્યાનીપેઠે જમવું નહીં, પાણી પણ જેપ્રમાણે તરસ લાગી હોય તેપ્રમાણેજ પીવું પણ અધિક પીવું નહીં.

બોધપાઠ ૭ મો.

ભોજન કરી રહ્યાપછી આસરે અડધો કલાક આનંદથી આમ તેમ ફરવું. ત્યાર પછી નિશાળે જવાની નિત્ય ટેવ રાખવી. નિશાળે જતાં માર્ગમાં નઠારાં છોકરાં તથા છોકરીઓનો સંગ કરવો નહીં. તેમજ રસ્તામાં કોઈ ગાળાગાળી કરતું હોય અથવા તમાસો રમત ઇત્યાદિ થતું હોય તે જોવાનું મન કરવું નહીં, ને ત્યાં ઊભા રહેવું નહીં પણ પાધરા વેળાસર નિશાળે જવું. નિશાળે ગયાપછી પોતાના વિદ્યાગુરૂની આજ્ઞામાં રેહેવું, સોહોરબકોર કરવા નહીં પણ મહેતાજી જે શિખવે તેમાં ચિત્ત રાખી ભણવામાં મન રાખવું, પણ મનને બીજે

આડેઅવળે જવા દેવું નહીં. એવી રીતે વિદ્યાભ્યાસ કરવાથી અંતઃકરણ નિર્મળ થઇ વિદ્યા વેહેલી આવડશે.

બોધપાઠ ૮ મો.

નિશાળેથી છૂટયા પછી પણ પાધરા ઘેર જવું. સાંજનુ હલકું ભોજન કરવું. પછી બની શકે તો કોઈ વડીલ, ગુણવાન શિક્ષક અથવા ઘરના માણુસ સાથે આશરે એક કલાક બહાર સ્વચ્છ હવામાં ફરવા જવું. ત્યાં પણ બીજા વિચાર કરવાની ટેવ નહીં રાખતાં ઝાડ, પાન, ફલ, ફુલ, ઈત્યાદી ઐશ્વર્ય ની સુંદરતાનું જ્ઞાન મેળવવાને ટેવ પાડવી.

બોધપાઠ ૯ મો.

ઘેર આવ્યા પછી પોતાના ભાઈ ભાંડુ તથા માતાપિતા સાથે મીઠાં વચનોથી પૂર્વના સદ્‌ગુણી થઇ ગએલાં મૈત્રી, ગાર્ગી તેમજ સિતા માતા, દમયંતી તથા સનાતન ધર્મ સંપન્ન પાંડવો, નળ ઈત્યાદિ માહાન્ પૂરૂષોની કથા વારતા સાંભળવી અને રાત્રે આશરે નવ કલાકે સૂવાની ટેવ રાખવી. સુવા જતાં પહેલાં ઈશ્વરની સ્તુતિ અને ભજન એક ચિત્તથી કરવાની ટેવ રાખવી. જ્યાંસૂધી વિદ્યાર્થીની અવસ્થા છે ત્યાંસુધી કોચ ખાટલા તથા ઘણી નરમ પથારીમાં સુવાની ટેવ પાડવી નહીં.

બોધપાઠ ૧૦મો.

મન વાણી તથા શરીર એનાથી જેવા સારા અથવા માઠા કર્મ કરીએ તેવા સારા અથવા માઠા ફળ ભોગવવા પડે છે અને તેથીજ બીજા જન્મમાં પણ સારા અથવા માઠા ઘરમાં જન્મ થાય છે. માટે દુઃખ અને સુખ જે આવે છે તે પોતાના-કર્મથીજ આવે છે. તેથી હે બાળક તથા બાળકીઓ ! તમે નિરંતર મન વાણી અને શરિર એ ત્રણેથી સારૂં કરવાની ટેવ રાખજો, એટલે મનમાં કંઈ અને બાહાર કંઈ હેવી રીતે કોઇ પણ કામ કરવાની ટેવ રાખતા નહીં.

બોધપઠ ૧૧મો.

અરે બાળકો ! તમે એકાંતમાં જે કામો કરો છો તેની છાપ કોઇ ઠેકાણે પડે છે એમ જાણી એકલા હો તો પણ માઠા વિચાર અથવા માઠા કામ કરતાં નહીં. આપણે પોતે આપણું ભલું કરનાર છઇએ તેમજ ભુંડું કરનાર છઇએ. કેમકે આપણે કોઇનું ભલું ઇછીશું તો આપણું ભલું થશે અને ભુંડું ઇછીશું તો આપણું ભુંડું થશે, એવું શ્રી ભગવાને કહ્યું છે.

બોધપાઠ ૧૨મો.

બાળકો ! જો તમે નિરંતર ખાવાપીવા અને પેહેરવા ઓઢવામાં મન રાખશો તો તમારા પાઠ યાદ રહેશે નહીં અને

તમને તેવી ટેવ પડવાથી સંસારમાં આગળ ઘણું દુઃખ ભો-
ગવવું પડશે. માટે જે વખતે જેવું ખાવા પીવા અને પેહેરવા
ઓઢવાનું માબાપ આપે તેથી રાજી રહી તેમને કનડવા નહીં.
વળી માબાપની આજ્ઞામાં રહેવાથી એટલે તેમનું કહ્યું માનવાથી
ઇશ્વર તમારૂં સારૂં કરી તમને ઘણો લાભ આપશે અને બીજો
અવતાર પણ સારે ઠેકાણે આપશે.

બોધપાઠ ૧૩મો

હે બાળકો ! કાંઇ પણ કામ કરવામાં પૈસા તથા મોટાઈ
મેળવવાનો લોભ રાખતા નહીં. કોઇનું પણ સારૂં કરવામાં તન
અને મનથી મેહેનત કરજો. આળસ રાખતા નહીં. ચાડીચુગલી
કરતા નહીં. નઠારી સોબત રાખતા નહીં. પોતાનું કામ કરાવ-
વાને કોઈની મદદની આશા રાખતા નહીં. કોઈના પણ શા-
સ્ત્ર અને દેવની નિંદા કરતા નહિં. તેમજ કોઈની અદેખાઇ
અને કોઇપર ક્રોધ કરતા નહીં. અને દુર્ગુણ માત્ર કાઢી નાંખ-
વાને પ્રયત્ન કરતા રહેજો.

બોધપાઠ ૧૪મો.

હે બાળકો ! સઘળા કામમાં વિચાર કરી અને વિવેક રા-
ખી ધીરજ રાખજો, મીઠાં વચનો બોલી ક્ષમા કરવાની ટેવ રા-
ખજો. શરીર અને મનથી મેહેનત કરવાની ટેવ રાખજો. કોઈ-
ની પડેલી વસ્તુ નહીં લેવાની ટેવ રાખજો. તન અને મનની

નિર્મળતા રાખજો. વિચાર કરી કામ કરવાની ટેવ રાખવી. પવિત્ર વિદ્યા મેળવવાની ખંત રાખજો. સઘળામાંથી સારા ગુણો લેવાની ટેવ રાખી સદા સાચું બોલવાની ટેવ રાખજો અને સદ્ગુણો મેળવવાને પ્રયત્ન કરજો.

બોધપાઠ ૧૫મો.

હે બાળકો તમારાથી મોટા હોય તેની શિખામણ માનજો. પોતાની હઠ કરવી નહીં. ગરિબ માણસને પોતાની શક્તિ પ્રમાણે ખાવા પીવાનું આપી રાજી રહેવું. સઘળા મનુષ્યને પોતાના ભાંડુ સમાન સમજી તેમને પોતાથી બની શકે તેટલી શુભ કાર્યમાં સાહાયતા કરવી. નિરંતર બધાનું શુભ ઇચ્છવું. નાના તથા મોટા સઘળા જીવોપર દયા રાખજો. કોઇને જાણીજોઇને દુઃખ દેતા નહીં. અને જીવ ઊગારવાને સહાય થજો.

બોધપાઠ ૧૬મો.

સદા સંતોષી રહેજો. સંતોષથી તન અને મન નિરોગી રહે છે. વધારે સુખ ભોગવવાની ઇચ્છા રાખવાથી આગળ વધારે દુઃખ થઇ પડે છે. સંતોષ વિના કદાપિ સુખ થતું નથી. સંતોષીને ભગવાન સહાય થાય છે. માટે પોતા થકી જેટલું બની શકે તેટલું સુખ સાચે રસ્તે મેળવવાની ટેવ રાખી નિરંતર આનંદમાં રહેવું. સંતાપ કરવાથી તન અને મન બગડે છે. સંતાપ કરવાથી આબરૂ ઘટે છે. સંતાપ કરવાથી વિદ્યા તથા

કોઈપણ કામમાં ચિત્ત લાગતું નથી અને સુખના સાધનને બગાડનાર પણ સંતાપ અને કલેશજ છે.

બોધપાઠ ૧૭મો.

હે બાળકો ! સત્ય સઊથી મોટો ધર્મ છે. માટે સત્ય કર્મથી એકબીજા સાથે એકત્ર થવું. કોઇપણ ધર્મ કે નિતિ સત્યથી અધિક નથી. સત્યથી અંતે જય છે. સત્ય ઊપર આપણા કર્મના ફળનો આધાર છે. સત્ય કરતાં અધિક બીજું પુણ્ય નથી. તેમજ અસત્ય કરતાં બીજું કોઈ મોટું પાપ નથી અને અસત્યથી આવરદા ઘટે છે, એવું સઘળા સત્ શાસ્ત્રોમાં મહાત્મા પુરૂષો કહી ગયા છે. તેથી નિરંતર સાચું બોલવાની ટેવ રાખવાથી અંતે આ લોક અને પરલોકમાં ઊત્તમ ગતિ થઇ ઇશ્વરની પાસે જવાનો માર્ગ મળે છે.

અચળીજ પ્રિય બંધુ, સત્ય પૂરૂપ વાક્યં,
અચળીજ પ્રિય બંધુ, ધર્મ સત્યં સનાતન્;
અચળીજ પ્રિય બંધુ, સર્વદા સાક્ષિભૂતં,
અચળીજ પ્રિય બંધુ, સચ્ચિદાનંદ રૂપમ્.

ૐ

॥ शांतिः शांतिः शांतिः ॥

જાહેર ખબર.

રાજરૂષિ

કિંમત ૨-૮-૦

આ ગ્રંથમાં વિદ્વાન, બુદ્ધિવાન અને સત્યશોધક પુરૂષની નીચેની શંકાઓનું નિષ્પક્ષપાત રીતે નિવારણ કરેલું છે.

૧ પરમાત્મા અથવા સર્વ વસ્તુનું મૂળ કારણરૂપ ઈશ્વર છે કે નહીં.

૨ સત્યવિદ્યાની સહાયતાથી આત્મા અથવા જીવની સિદ્ધિ.

૩ બુદ્ધિ અથવા વિશેષ જ્ઞાન સ્વાભાવિક છે કે ઈશ્વર પ્રેરિત છે. ઈશ્વર પ્રેરિત સિદ્ધ થાય તો જ્ઞાનનું મૂળ બીજ પ્રથમ સૃષ્ટિ કાળની મૂળ ભાષાદ્વારે થવું જોઇએ.

૪ ઈશ્વર પ્રેરિત જ્ઞાન કેવી રીતે સિદ્ધ થાય.

૫ ધર્મ અને અધર્મનો મૂળ દોષ રહિત અર્થ શું છે? પ્રથમ સૃષ્ટિકાળના મનુષ્યને કયા ઈશ્વર પ્રેરિત ધર્મ અને અધર્મનું જ્ઞાન મળ્યું? અને તે મળ્યાં છતાં તેમાંથી ભ્રષ્ટ થવાનું કારણ શું? અને તે કરનાર કોણ?

૬ ઈશ્વર પ્રેરિત સનાતન ધર્મ અને અધર્મ બુદ્ધિવાદથી જાણવાદ્વારા પરિક્ષા કરવાના કાંઈ સાધન છે કે નહીં? હો- હોય તો તે ક્યાં છે?

૭ ઇશ્વિર પ્રેરિત સનાતન સત્ય ધર્મ અને અધર્મની મર્યાદા માં રહેનાર પુરૂષને ઇશ્વિર ઊપાસના અને પ્રાર્થના કરવાની અગત્ય છે કે નહિં ? હોય તો તે કેવી વૃત્તિ અને સ્થિતિમાં રહી કરવાની છે.

૮ સાંપ્રત કાળમાં જે અનેક ધર્મ અને મતપંથો ચાલેલા છે તેમાં મૂળ ઇશ્વિર પ્રેરિત સનાતન ધર્મ અને અધર્મ નાં કંઇ આધાર લીધો છે કે નહિં ? અને તે મતપંથો કાઢનાર મૂળ પુરૂશોનો સત્ય હેતુ શું હતો ?

સુબોધપત્રિકા પુર્વાર્દ્ધ.

કિંમત ૧૪ આના.

વિષયો.—૧ સનાતનધર્મ. ૨ જ્ઞાનલાભ. ૩ પ્રાણીની ઊત્પત્તિ. ૪ મનુષ્યનુંકર્તવ્યાકર્તવ્ય નેશુભાશુભ કર્મ. ૫ પુરૂષાર્થ.૬ મન, કલ્પના, અને તેની શક્તિ. ૭ વિદ્યા અને શાસ્ત્ર. ૮ સ્વરોદયશાસ્ત્ર અને શ્વાસોચ્છ્વાસનીવિદ્યા. ૯ જ્ઞાનરૂપી દિવસ અને અજ્ઞાન રૂપી રાત્રી. ૧૦ પ્રાચીન અનેઅર્વાચીન વૈદ્યક શાસ્ત્ર. ૧૧ નિશ્ચય આત્મકબુદ્ધિયે તત્વજ્ઞાનનીઉન્નતિ. ૧૨ ઉપાસના અને પ્રાર્થના.

સુબોધપત્રિકા પુર્વાર્દ્ધ.

કિંમત રૂ ૧-૪-૦.

વિષયો.—૧ જ્ઞાનની ઉન્નતિ અને કૈવલ્યમોક્ષ. ૨ વ્યષ્ટિ અ-

અને સમષ્ટિ અને સ્થૂળસૂક્ષ્મનો વિચાર. ૩ ઇચ્છાશક્તિની ઉન્નતિનાં સાધનો. ૪ અધિકાર અને યોગ્યતા. ૫ યોગવિદ્યા. ૬ એકાગ્રતા. ૭ ધ્યાન. ૮ શુભાશુભ જ્ઞાન. ૯ વિદ્યાર્થી અને શિષ્ય. ૧૦ શુભ વિદ્યાનો પ્રથમ વિદ્યાર્થી ૧૧ ધારણા અથવા કલ્પના. ૧૨ શ્રદ્ધા, નિર્ણય અને સત્યાસત્ય. ૧૩ આકર્ષણ, જ્યોતિપ્રકાશ અને ચૈતન્યાકર્ષ વિદ્યા. ૧૪ પ્રાણશક્તિ અને મૂળપ્રકૃતિ ૧૫ કર્મનું મૂળ કારણ નિયમ અને વિવેક. ૧૬ આત્મજ્ઞાનની ઉન્નતિનું મુખ્ય સાધન. ૧૭ વૈશ્વાનર અગ્નિના વર્ણ અને તે ઉપરથી ગુણદોષનું જ્ઞાન. ૧૮ પુનરાવૃત્તિનો કાર્યાકારણનો સંબંધ.

રત્નમાલા

કિંમત રૂ ૧-૪-૦

વિષયો.—૧ ભારતભૂમિના આર્યોની સાંપ્રત સ્થિતિ. ૨ શુભ સંસ્કાર થવાનાં સાધનો. ૩ ઉત્તમ સંસ્કાર થવાના સાધનો. ૪ સામાન્ય ધર્મ. ૫ સ્ત્રીકેળવણી. ૬ સંસારીક ધાર્મિક કાર્યોની ઉન્નતિ થવાનાં સાધનો. ૭ નીતિની કેળવણી. ૮ વિધવા સ્ત્રીના ધર્મ. ૯ પ્રાચીન તિર્થસ્થાનમાં રહેલા શુભ હેતુઓ અને શુભાર્થ ૧૦. શુભ વિદ્યા પ્રાપ્ત કરવાની સૂચના. ૧૧

બ્રહ્મનું સત્ય જ્ઞાન. ૧૨ લિંગ અથવા સુક્ષ્મ શરીર. ૧૩ ગુપ્ત વિદ્યાનું અનુભવિક જ્ઞાન. ૧૪ શુભ જ્ઞાન સંગ્રહ. ૧૫ યોગવિદ્યાના પ્રશ્નોત્તરનું સાર. જ્ઞાન પ્રદીપીકાનું સાર ૧૭ વિંલક્યદિક્રાનું સાર. ૧૮ દૃગ દૃશ્ય અને સમાધિનું જ્ઞાન.

યોગદર્શનઅનુભવ.

કિંમત રૂ ૨-૦-૦

પ્રથમ ખંડ.

વિષયો.—૧ સ્વપ્નાનાનુભવ ૨ તૃષ્ણા અને ઈચ્છા ૩ ભૂમિકા અને ક્રોધ ૪ ઉપાધિ ૫ મૂળ ઉપાધિ વિષે ગિતાનો ગુહ્ય સિદ્ધાંત ૬ ભગવદ્‌ગીતાનો ગુહ્યસાર.

દ્વિતિયખંડ—૧ જ્ઞાન યોગ ૨ ગુપ્ત વિદ્યા ૩ ગુહ્યજ્ઞાન ૪ અંતરભાવ દર્શન ૫ કલ્પનાકૃતિ અને વૃત્તિ ૬ અંતરભાસ ૭ ચક્ષુદર્શન ૮ ભવિષ્યજ્ઞાન ૯ વ્યષ્ટિ અને સમષ્ટીની સૂક્ષ્મ શક્તિ અને તેના મનુષ્ય પ્રાણી ઉપર સત્તા ૧૦ આત્મકૃતિ—જાગ્રત, સ્વપ્ન સુષુપ્તિ અને તુર્યાવસ્થા ૧૧ મૂઆદર્શન ૧૨ અષ્ટાંગયોગ ૧૩ સ્વરની શુભાશુભ સત્તા ૧૪ સોહં ક્રિયા ૧૫ કુંડળીની શક્તિ ૧૬ ધ્યાન, ધારણા અને સમાધી ૧૭ નિર્વાણ (કૈવલ્ય મોક્ષ.)

ઊત્તમ જ્ઞાની સાધુ નિરમળદાસ. કૃત

નિરમળ ભજનમાળા છબીસાથે.

કિંમત ૦—૧૨—૦

સન્માર્ગ દર્શક ૦—૨—૦

મુમુક્ષનુ નિત્ય કર્મ ૦—૦—૬

ભારત વર્ષનું ત્રિકાળિક દર્શન ૦—૪—૦

મળવાના ઠેકાણાં —

સુરત. ગૌતમરામ ઉત્તમરામ ત્રિવેદી.

સનાતન ધર્મસભાના સંપાદક

હવાડીયાચકલો.

મુંબઇ. મનમોહનદાસ દયાળદાસ.

ભુલેશ્વર ઉપર ભોઇવાડો ઘર ના. ૫૨

ઉપરોક્ત ગ્રંથો પૈકી રાજઋષિ તથા સુબોધપત્રિકા પૂર્વાર્ધ હાલ ખપી ગયલા છે પણ જોઇતા ગ્રાહકોના નામ નોંધાયેથી તેની બીજી આવૃતિ છપાવવાનો વિચાર છે.